# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

# BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH

[ Gujarat Public Universities Act No. 15/2023 ]

**પરીપત્ર**

**વિષય : યુ.જી. સેમ.-3 (NEP-2020) (રેગ્યુલર) ની પરીક્ષાના, પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી શરૂ કરવા બાબત.**

**સંદર્ભ : અત્રેની યુનિવર્સિટીના પરીપત્ર ક્રમાંક:બીકેએનએમયુ/પરીક્ષા/૧૧૯૩/૨૦૨૪, તા.30/0૮/૨૦૨૪**

આથી ઉપરોક્ત વિષયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાના વડાઓને જણાવવાનું કે, **New ERP** સોફ્ટવેર અંતર્ગત યુ.જી. સેમ.-3 (NEP-2020) (રેગ્યુલર) ની પરીક્ષાના, પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રીની તારીખ નીચે મુજબ રહેશે. નિયત સમય-મર્યાદામાં કોલેજ દ્વારા તેમના લોગીન મારફત એન્ટ્રી કરવાની રહેશે.

યુ.જી. સેમ.-3 (NEP-2020) (રેગ્યુલર) વિદ્યાર્થીઓની **Term Grant** કરવાની રહેશે જેમાં નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે.

College/Department Configuration ➡ Grant Admission ➡ Grant Admission of Students ➡ Click on '+'

ઉપરોક્ત સ્ટેપ્સ પૂર્ણ કરી નીચે મુજબના તબક્કાઓ પૂર્ણ કરવાના રહેશે, નીચે મુજબના તબક્કાઓ જે કોલેજ દ્વારા પૂર્ણ કરવામાં ના આવ્યા હોય તેવી કોલેજોએ વહેલી તકે પૂર્ણ કરી, નીચે મુજબની તારીખોમાં પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી કરવાની રહેશે.

| Steps | Menu Name |
|---|---|
| 1. College/Dept. Subject Mapping | College/Department Configuration |
| 2. Student Subject Mapping | Student Configuration |
| 3. Release Students Subject Selection | Student Configuration |
| 4. Add Program Term Division | Master |
| 5. Student Division Mapping | Student Configuration |
| 6. Students Roll No. Generation | Student Configuration |

**૧ થી ૬ તબક્કાઓ અંગેની માર્ગદર્શિકા અગાઉ અત્રેની યુનિવર્સિટીની વેબસાઇટ પર મુકવામાં આવેલ છે.**

[પરીક્ષા ફોર્મ ફી, અત્રેની યુનિ. ના પરીપત્ર ક્રમાંક:બીકેએનએમયુ/પરીક્ષા/૧૦૧૯/૨૦૨૪, તા.૨૪/૦૭/૨૦૨૪ ધ્યાને લેવાનો રહેશે.]

**પરીક્ષા ફોર્મ ભરતી વખતે શૈક્ષણિક વર્ષ : ૨૦૨૪-૨૫ પસંદ કરવાનું રહેશે.**

| કોર્ષનું નામ | રેગ્યુલર ફી | લેઇટ ફી [રેગ્યુલર ફી + ૫૦૦] | દંડાત્મક ફી [રેગ્યુલર ફી + ૫૦૦ + ૧૫૦૦] |
|---|---|---|---|
| યુ.જી. સેમ.-3 (NEP-2020) (રેગ્યુલર) | તા.૨૫/૧૦/૨૦૨૪ થી તા.૦૭/૧૧/૨૦૨૪ | તા.૦૮/૧૧/૨૦૨૪ | તા.૦૯/૧૧/૨૦૨૪ |

**જરૂરી સુચના :**

ઉપરોક્ત સંદર્ભ અન્વયે વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ કોલેજ દ્વારા ભરી તૈયાર રાખવા જણાવવામાં આવેલ હતુ જે બાબત ધ્યાને લઇ ઉપરોક્ત તારીખમાં તમામ કોલેજો દ્વારા પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી પૂર્ણ કરવાની રહેશે.

યુ.જી. સેમ.-૧ (NEP-2020) ના એનરોલમેન્ટ નંબર જનરેટ થયે વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ભરવા અંગે પરીપત્ર દ્વારા જાણ કરવામાં આવશે. જે વિદ્યાર્થીઓના યુ.જી. સેમ.-૧ (NEP-2020) ના એનરોલમેન્ટ નંબર જનરેટ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ભરી કોલેજ દ્વારા તૈયાર રાખવા. અત્રેની યુનિવર્સિટી દ્વારા પરીપત્ર જાહેર થયે પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી કરવાની રહેશે.

**ખાસ નોંધ:**

છેલ્લી તારીખ બાદ કરવામાં આવેલ સુધારો સોફ્ટવેર સ્વીકારશે નહી. દંડાત્મક ફી ની તારીખ બાદ પણ જો કોઇ વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ ઓનલાઇન ભરવાનું બાકી રહેલ હોય તો તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ અત્રેની યુનિવર્સિટી ખાતેથી ડબલ દંડાત્મક ફી [દંડાત્મક ફી × ૨(બે)] ભરી પરીક્ષા ફોર્મ ભરવાનું રહેશે.

રેગ્યુલર ફી ની છેલ્લી તારીખ સુધીમાં ચલણ જનરેટ કરવાનું રહેશે, તેવી જ રીતે લેઇટ ફી અને દંડાત્મક ફી માટે અલગ-અલગ ચલણ જનરેટ કરવાના રહેશે. જો કોઇ કોલેજ દ્વારા ઉપર મુજબ ચલન જનરેટ કરવામાં નહી આવે તો ત્યારબાદની તારીખમાં જે ફી શરૂ હશે તે ફી નું ચલણ જનરેટ થશે જેથી કોઇ શરતચુક ના રહે તેની ગંભીરતાથી નોંધ લેવી.

છેલ્લી તારીખ બાદ ચાલુ કામકાજના દિવસ ૨(બે)માં ફરજીયાત પણે ચેકલિસ્ટ તેમજ ચલણ, પરીક્ષા વિભાગમાં જમા કરવાનું રહેશે, જો કોલેજ દ્વારા નિયત સમયમર્યાદા બાદ પરીક્ષા ફોર્મ જમા કરવામાં આવશે તો તેવી કોલેજના બેઠક નંબર જનરેટ થશે નહી જેથી તેની સંપુર્ણ જવાબદારી જે-તે કોલેજની રહેશે. જેની ગંભીરતાથી નોંધ લેવી. પરીક્ષા ફોર્મ ફી ફરજીયાત પણે ઓનલાઇન માધ્યમ અથવા બેંકમાં ચલણ મારફત ઓફલાઇન માધ્યમ દ્વારા જ ભરવાની રહેશે. અન્ય કોઇ પણ પ્રકારે ફીનો સ્વીકાર કરવામાં આવશે નહી તેમજ જો ઓનલાઇન માધ્યમ દ્વારા ચુકવણી કરેલ હોય તો તેના આધાર પૂરાવાની નકલ જોડવાની રહેશે અથવા જો બેંકમાં ચલણ મારફત ઓફલાઇન માધ્યમ દ્વારા ચુકવણી કરેલ હોય તો ચલણમાં ફરજીયાત પણે બેંકના સહી સિક્કા કરાવવાના રહેશે. ચલણમાં **Payment Reference Number** તેમજ ચુકવણીની તારીખ દર્શાવવી ફરજીયાત છે. જેની ખાસ નોંધ લેવી.

**ખાસ નોંધ :**

૧. દરેક વિદ્યાર્થીએ પરીક્ષા ફોર્મમાં જે વિષય દર્શાવેલ હોય તે જ વિષયની કોલેજ દ્વારા સોફટવેરમાં એન્ટ્રી કરવી.
૨. કોલેજ દ્વારા પરીક્ષા ફોર્મની એન્ટ્રી થયા બાદ ફરજીયાત વેરીફાય કરી લેવાનું રહેશે.
૩. પરીક્ષાના આવેદનપત્ર કોલેજે પોતાની પાસે રેકોર્ડમાં સાચવીને રાખવાં, યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવે તો રજુ કરવાનાં રહેશે.
૪. પરીક્ષા ફોર્મ ભરનાર તમામ વિદ્યાર્થીઓના ABC ID ની ઓનલાઇન એન્ટ્રી કરવી ફરજીયાત છે. જે વિદ્યાર્થીઓના ABC ID બનાવેલ ના હોય તેવા વિદ્યાર્થીઓના ABC ID બનાવી ત્યારબાદ પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી કરવાની રહેશે.

ડો. ડી.એચ. સુખડીયા
**પરીક્ષા નિયામક**

[ Help Line Number : (0285) 2681409 ]

ક્રમાંક - બીકેએનએમયુ/પરીક્ષા/૧૭૫૮/૨૦૨૪
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડિયા, જૂનાગઢ-૩૬૨ ૨૬૩
તા.૨૪/૧૦/૨૦૨૪

પ્રતિ,
અત્રેની યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાના વડાઓ તરફ....

**નકલ રવાના :-**
(૧) માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી (જાણ અર્થે)
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા તેમજ યોગ્ય કાર્યવાહી અર્થે)
(૩) હિસાબી શાખા. (યોગ્ય કાર્યવાહી અર્થે)
(૪) એકેડમિક વિભાગ (યોગ્ય કાર્યવાહી અર્થે)